# કૃષિ વિજ્ઞાન કેન્દ્ર, નવસારી ખાતે વિશિષ્ઠ કાર્યક્રમ સ્તન કેન્સર મહિલા જાગૃતિ શિબિરનું આયોજન

કૃષિ યુનિવર્સિટી ખાતે માનવ કલ્યાણકારી સાર્વજનિક ટ્રસ્ટ, નવસારી અને કૃષિ વિજ્ઞાન કેન્દ્ર, નવસારી દ્વારા તા. ૨૩/૧૧/૨૦૧૪ રવિવારના રોજ સ્તન કેન્સર મહિલા જાગૃતિ શિબિરનું આયોજન થયુ હતુ. કાર્યક્રમની શરૂઆતમાં કૃષિ વિજ્ઞાન કેન્દ્રના વડા ર્ડા. સી. કે. ટીંબડીયાએ સ્વાગત પ્રવચન સહ પૂર્વ ભૂમિકા આપતા જણાવ્યું કે, આ કાર્યક્રમ મોહનભાઈ પટેલ (કરાડી) હાલ ન્યુઝીલેન્ડના બહેન અને ડાહયાભાઈ પટેલ મટવાડના ધર્મપત્ની સ્વ. પૂ. સવિતાબેન પટેલની પ્રથમ પૂણ્યતીથિ નિમિતે તેઓશ્રીની પ્રેરણા અને સહયોગથી કાંઠા વિસ્તાર અને આદિવાસી વિસ્તારની ગરીબ બહેનોની જાગૃતિ અર્થે ખાસ આયોજીત કર્યો હતો.

કાર્યક્રમના ઉદઘાટકશ્રી અધિક નિવાસી કલેકટર શ્રી કુમાર સાહેબે સહયોગી તમામ સંસ્થાઓને અભિનંદન આપતા જણાવ્યું કે કેન્સરના આ ભયાનક રોગને નાથવા આજનો આ કાર્યક્રમ ખૂબ જ ઉપયોગી નિવડશે.

કૃષિ યુનિવર્સિટીના વિસ્તરણ શિક્ષણ નિયામકશ્રી ર્ડા. જી. આર. પટેલે કૃષિ વિકાસ વર્ષ–૨૦૧૪ અંતર્ગત મહિલા સશકિતકરણ કાર્યક્રમો પૈકી આ કાર્યક્રમને વિશિષ્ઠ જણાવી કૃષિના વિકાસ સાથે આરોગ્ય લક્ષી વિસ્તરણ પ્રવૃતિને બિરદાવી હતી.

લાયન્સ કલ્બ, નવસારી તથા નવસારી કેન્સર ફેર ફાઉન્ડેશન પ્રેરિત હોસ્પિટલના ર્ડાકટર્સના સહયોગથી આ કાર્યક્રમમાં પધારેલ ડોકટર્સ પૈકી ર્ડા. પરીમલ લાડે આ વિસ્તારમાં કેન્સરની સારવાર અર્થેની સુવિધા વિદેશની બરોબરી કરી શકે તથા સસત હોવાનું જણાવી કેન્સર સારવારની વિસ્તૃત માહિતી આપી હતી. 'બા' કેન્સર હોસ્પીટલના શ્રી ભાસ્કર કવિએ કેન્સર થવાના કારણો અને જાગૃતિ પર અસરકારક વકતવ્ય સાથે તેઓની યોજનાની માહિતી આપી હતી. ર્ડા. સુરેન્દ્ર સિંગ સોલંકીએ રેડિયેશન તથા અન્ય પધ્ધતિઓની ઉંડાણથી સમજ સાથે કેન્સરનું શરીરમાં બંધારણ અને સારવાર પ્રકિયાની સમજ આપી હતી. જૂનાગઢથી ખાસ આમંત્રિત પંચકર્મ નિષ્ણાંત ર્ડા. બી. એ. નાકરાણીએ આર્યુવેદ શાસ્ત્રના આધારથી કેન્સર થવાના કારણો અને ન થાય તે માટે રોજીંદા આહાર વિહાર પર શું ધ્યાન રાખવુ તેની અસરકારક છણાવટ કરી સૌને મંત્રમુગ્ધ કર્યા હતા. જિલ્લા આરોગ્ય અધિકારીશ્રી ર્ડા કન્નરે કેન્સરના રોગીઓ માટે સરકારશ્રીની સહાયલક્ષી વિવિધ યોજનાઓની વિસ્તૃત માહિતી આપી હતી.

આ કાર્યક્રમમાં લાયન્સ કલ્બના પ્રમુખશ્રી બંસીલાલ શ્રીશ્રી માળી, કો ઓર્ડીનેટર શ્રીમતી રાજશ્રીબેન ખરાદી, લાયોનેસ કલ્બના પ્રમુખ શ્રીમતિ ઉષાબહેન, શ્રી ગુપ્તા તથા ૨૩ જેટલા ગામોમાંથી ૪૦૦થી વધારે મહિલાઓએ હાજરી આપી લાભ લીધો હતો. આ કાર્યક્રમમાં બાગાયત ક્ષેત્રે કરેલ અસરકારક કામગીરીને ઘ્યાને લઈ માનવ કલ્યાણ ટ્રસ્ટ દ્વારા કેવિકેના નિષ્ણાંત ર્ડા બી. એમ. ટંડેલનું સન્માન કર્યુ હતું. શ્રી જીવણભાઈ પટેલનું સન્માન તીરંદાજ ક્ષેત્રે સિધ્ધિ મેળવવા બદલ અધિક કલેકટરશ્રી બી. કે. કુમાર દ્વારા થયું. પાંચ સંસ્થાઓના સહયોગ સાથે ન. મ. કૃષિ મહાવિધલયની સુર્વણ જયંતિ નિમિતે આયોજીત આ કાર્યક્રમને સફળ બનાવવા ટ્રસ્ટના પ્રમુખશ્રી બાબુભાઈ પટેલ, ઉપ પ્રમુખ અમૃતભાઈ, નટુકાકા કેવિકેના નિષ્ણાંતશ્રી ગીતાબેન ભીમાણી, ર્ડા. શાહ, ર્ડા. પ્રભુ નાયકા સ્વપ્નાબેન, સોનકભાઈ, નિધિ તથા ટ્રસ્ટના સભ્યશ્રીઓએ સારી જહેમત ઉઠાવી હતી. આભાર વીધી મોહનભાઈ પરભુભાઈ પટેલે કરી અને કાર્યક્રમનું સંચાલન મોહનભાઈ બી. પટેલ કર્યુ હતુ.












માનવ કલ્યાણકારી સાર્વજનિક ટ્રસ્ટ, નવસારી
કૃષિ વિજ્ઞાન કેન્દ્ર, નવસારી કૃષિ યુનિવર્સિટી, નવસારી














કૃષિ યુનિવર્સિટી, નવસારી
જાગૃતિ
કલબ, નવસારી
સમય :
